અપીલ અરજી નં.૪૫૬ તા.૮–૧૨–૧૧
ફોન નં.૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદાર:– શ્રી સુરેશભાઈ રઘુનાથ મહેંકાર
સામાવાળા:– એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(ઉધના ઝોન)
સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(લીંબાયતઝોન)

## ફરીયાદની હકીકત:–

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી સુરેશભાઈ રઘુનાથ મહેંકારની તા.૨૯–૧૧–૧૧અરજીથી ઉધનાઝોન, લીંબાયત ઝોન તથા મ્યુ.કમિશનરશ્રીને સ્પર્શતી અરજીઓનો જવાબ આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૮–૧૨–૧૧ ની **SMC/FAP/** નં.૪૫૬/૨૦૧૧–૧૨

શ્રી સુરેશભાઈ રઘુનાથ મહેંકારની તા.૨૯–૧૧–૧૧અરજીથી ઉધનાઝોન,લીંબાયતઝોન તથા મ્યુ.કમિશનરશ્રીને સ્પર્શતી અરજીઓનો જવાબ આપવા બાબતે કોઈ પણ અરજીનો જવાબ આપેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૮–૧૨–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ / વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા માહિતીની દફતરી વિગતો નકલ સહ સ્પષ્ટ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ / ૧૨૭૪ તા.૧૭–૧૨–૧૧ થી એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધના ઝોન) સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(લીંબાયતઝોન) તથા અરજદારને આરટીઆઈ એકટની કલમ–૧૯(૧)ની જોગવાઈ સહ ચોકકસ કઈ તારીખની આરટીઆઈની અરજી સામે અપીલ છે તે આધાર સહ સ્પષ્ટ કરવા સાથે ફી ભર્યાની વિગત રજૂ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોનના પત્ર નં.સા.ઝોન/મહેકમ/૧૯૮૪ તા.૩–૧–૧૨ થી નોંધ વિભાગ, અરજદારને પત્ર નં.સા.ઝોન./એસ્ટા/૧૫૨૪ તા.૯–૧૧–૧૧ થી આપેલ માહિતીના પત્રની નકલ, અરજદારને પત્ર નં.સા.ઝોન./એસ્ટા/૧૮૪૪ તા.૯–૧૨–૧૦ થી આપેલ માહિતીના પત્રની નકલ, અરજદારને પત્ર નં.સા.ઝોન./એસ્ટા/૧૮૫૩ તા.૧૩–૧૨–૧૧ થી આપેલ માહિતીના પત્રની નકલ, પત્ર નં.સા.ઝોન/આરોગ્ય/૧૬૯ તા.૭–૧–૧૨ થી ઉધના ઝોન (આરોગ્ય)નો નોંધ વિભાગ, અરજદારને પત્ર નં.સા.ઝોન./આરોગ્ય/૧૬૭ તા.૨૦–૧૨–૧૧ થી આપેલ માહિતીના પત્રની નકલ , સાઉથ ઈસ્ટ ઝોન (લીંબાયત) ને અરજદારને માહિતી આપ્યાના પત્રની નકલ ની જાણ કરતા રીપોર્ટની નકલ, અત્રે મળેલ છે. જાહેર માહિતી અધિકારી લીંબાયત ઝોન તરફથી કોઈ વિગત અત્રે મળેલ નથી. જયારે અરજદાર તરફથી પણ કોઈ વિગત અત્રે રજુ કરેલ નથી.

અરજદારની તા.૨૯–૧૧–૧૧ ની અરજીથી બાબત હેઠળની માહિતી માંગતી અરજી લીંબાયતઝોનમાં કરવામાં આવેલ. અરજદારે ઉધનાઝોન,લીંબાયતઝોન તથા મ્યુ.કમિશનરશ્રીને સ્પર્શતી અરજીઓનો જવાબ આપવા બાબતે કોઈ પણ અરજીનો જવાબ આપેલ ન હોવાનું જણાવી નારાજ થઈ તા. ૮–૧૨–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે. તેમ છતાં અરજદારને અત્રેથી અપીલ તબકકે આરટીઆઈ એકટની કલમ–૧૯(૧)ની જોગવાઈ સહ ચોકકસ કઈ તારીખની આરટીઆઈની અરજી સામે અપીલ છે તે આધાર સહ સ્પષ્ટ કરવા સાથે ફી ભર્યાની વિગત રજૂ કરવા જણાવવામાં આવેલ. જે અંગે કોઈ વિગત અપીલ તબકકે અરજદાર ધ્વારા રજુ કરેલ નથી. કે તેમ કરવામાં સફળ રહેલ નથી. જે બાબતે જાહેર માહિતી અધિકારી ઉધના ઝોન તરફથી પત્ર નં.સા.ઝોન./ એસ્ટા/૧૮૫૩ તા.૧૩–૧૨–૧૧ તથા પત્ર નં.સા.ઝોન/આરોગ્ય/ ૧૬૭ તા.૨૦–૧૨–૧૧ થી સાઉથ ઝોન (ઉધના) માં સફાઈ કામદાર, બેલદાર તથા પ્રાયમરી હેલ્થ વર્કર ની ફરીયાદ બાબતે હાલ સ્ટાફ અપુરતો હોવાથી તેમની પાસે કામગીરી કરાવવામાં આવે છે. ઉધનાઝોનના પત્ર નં.સા.ઝોન./એસ્ટા/૧૮૪૪ તા.૯–૧૨–૧૦ ના રોજ આપેલ માહિતી/જવાબ યથાવત રહે છે. વહીવટી કામગીરી માં કચેરીનાં વડા યોગ્ય તે ફેરફાર કરવા સક્ષમ છે. સાઉથઝોન (ઉધના) મહેકમ વિભાગમાં તેમની આરટીઆઈ એકટ હેઠળની અરજીની તમામ માહિતી/ જવાબ પાઠવવામાં આવેલ છે. તેમની કોઈ અરજીની માહિતી /જવાબ બાકી નથી. તેવું સમય અવધિમાં જણાવેલ. જયારે જાહેર માહિતી અધિકારી લીંબાયત ઝોન તરફથી કોઈ માહિતી આપેલ હોવાનું જણાયેલ નથી. કે માહિતીના ઈન્કાર અંગે આરટીઆઈ એકટની કલમ–૮,૯ કે ૧૧ હેઠળ અપવાદનું કોઈ કારણ જણાવેલ નથી.

અરજદારે તેમની તા.૨૯–૧૧–૧૧ ના રોજ કરેલ અરજીથી સફાઈ કામદાર હસમુખ મંગા સોલંકી તથા તેમની પત્ની અને હસમુખ સોલંકી ઉપર કોઈપણ જાતના પગલા ભરતા નથી તેમજ લીંબાયતઝોન , ઉધનાઝોનના સફાઈ કામદારોને હટાવવા બાબત તેવુ જણાવી માહિતી માંગતી અરજી કરેલ અને તેની સાથે ૧ થી ૧૪ અરજી આપેલ જેમાં અરજદારની તા.૧૧–૭–૧૧, ૨૪–૧૧–૧૧ લીંબાયત ઝોન ખાતે ૨૭–૯–૧૧ ના રોજ રીસીવ કરેલ, ૨૨–૬–૧૧, ૨૮–૧૧–૧૧, ૧૧–૮–૧૧, ૨૩–૮–૧૧, ૨૦–૮–૧૧, ૧૬–૬–૧૧, ૪–૭–૧૧, ૧૫–૧૧–૧૦, ૧૧–૧૧–૧૦, ૮–૭–૦૯, ૧૧–૭–૧૧, ૧–૭–૧૧, ૨૮–૧–૧૧ તેવી વિવિધ તારીખો જણાવતી અરજીની નકલો સામેલ કરેલ.

આરટીઆઈ કાયદાની કલમ–૧૯(૧) હેઠળ જાહેર માહિતિ અધિકારી કક્ષાએથી કલમ–૭(૧) હેઠળ ઠરાવેલ દિન–૩૦ ની અવધિમાં પ્રત્યુત્તર ન મળે અથવા મળેલ પ્રત્યુત્તરથી નારજગી ના કિસ્સામાં દિન–૩૦ ની અવધિમાં પ્રથમ અપીલ કરવાની જોગવાઈ છે. પ્રસ્તુત કિસ્સામાં અરજદારની તા.૮–૧૨–૧૧ ના રોજ કરેલ પ્રથમ અપીલ ધ્યાને લેતાં માત્ર નવમાં દિવસે પ્રથમ અપીલ કરી દીધેલ છે જે તારીખે કાયદાની જોગવાઈ મુજબ અપીલનું કારણ ઉત્પન થતું નથી. જેથી અરજદારની અપીલ અરજી પ્રથમ દર્શી રીતે રદબાતલ કરવાને પાત્ર થાય છે પરંતુ અપીલ તબકકે જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન કક્ષાએથી આજદિન સુધી તેમનો પક્ષ રજુ કરવામાં આવેલ ન હોય કાયદાની જોગવાઈ અને હાર્દ ધ્યાને રાખી અરજદારની રજુઆત ધ્યાને લેવામાં આવેલ છે.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

"અરજદારની તા.૨૯–૧૧–૧૧ ની અરજીના અનુસંધાને માંગવામાં આવેલ માહિતી પૈકી અરજદારે અરજી સાથે બીડેલ ૧૪ અરજીથી કરેલ રજુઆત બાબતે કરેલ કાર્યવાહીની દફતરી હકીકત લક્ષી માહિતી આરટીઆઈ કાયદાની કલમ–૭(૬) હેઠળ વિના મુલ્યે દિન–૭માં અત્રેની જાણ હેઠળ અરજદારને દફતરી માહિતી પુરી પાડવા સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(લીંબાયતઝોન) ને જણાવવામાં આવે છે."

અરજદારની હસમુખ મંગા તેમજ તેની પત્ની સામે પગલા ભરવા બાબતની કે સફાઈ કામદારોને હટાવવાની કાર્યવાહી હાથ ધરવાને લગતી રજુઆત સક્ષમ સત્તાને અલાયદી રીતે કરવા અરજદાર સ્વતંત્ર છે.

(પી.જે. ઝાલા)
ડે.કમિશનર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧–૧૨

પ્રતિ,
(૧) એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(ઉધના ઝોન)/ સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન).....જાણ તથા અમલ માટે
(૨) શ્રી સુરેશભાઈ રઘુનાથ મહેંકાર,